Divya Bhaskar

Dt: 03/10/2025, Front Page

### ટ્રાયલ સફળ રહેતાં જાન્યુઆરીથી નિયમિત દોડશે

# દશેરાએ સચિવાલયથી મહાત્મા મંદિર સુધી મેટ્રો રેલની ટ્રાયલ



## અક્ષરધામ જતાં લોકોનો ખર્ચમાં-સમયમાં ઘટાડો થશે

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

દશેરાના દિવસે ગાંધીનગરમાં સચિવાલયથી મહાત્મા સુધી મેટ્રો ટ્રેનની ટ્રાયલ લેવાઈ હતી જે સફળ રહી હતી. ખાસ કરીને અક્ષરધામની મુલાકાતે જતાં લોકોના ખર્ચમાં-સમયમાં ઘટાડો થશે. આ રૂટ પર જાન્યુઆરીથી મેટ્રો દોડતી થવાની શક્યતા છે.

મેટ્રોના અધિકારીના જણાવ્યા અનુસાર, દશેરાએ મહાત્મા મંદિર સુધી મેટ્રો ટ્રેનની ટ્રાયલ હાથ ધરાઈહતી. જેથી અક્ષરધામ, જૂના સચિવાલય, સેક્ટર-16 અને સેક્ટર-24 તથા અંતિમ સ્ટેશન મહાત્મા મંદિર જેવા વધુ પાંચ સ્ટેશનનો વધારો થશે. તેમજ

### ટ્રાયલ દરમિયાન દર 40 મિનિટે મેટ્રો દોડશે

હાલમાં ટ્રાયલ દરમિયાન મેટ્રો ટ્રેન દર 30થી 40 મિનિટે દોડશે,પણ દિવાળી બાદ પણ આ મેટ્રો ટ્રેન દર 30 મિનિટે દોડશે. મુસાફરોની સંખ્યાને ધ્યાનમાં રાખીને ક્રમશ ટ્રેનની ફ્રિકવન્સી વધારાશે. જેમાં પિકઅવર્સમાં 10થી 20 મિનિટે, પિકઅવર્સ સિવાયના સમયમાં ફ્રિકવન્સીમાં ઘટાડો કરાશે.

આ કામગીરી પૂરી થયા બાદ અમદાવાદ અને ગાંધીનગરના કુલ 68 કિલોમીટરના રૂટ પરના 53 સ્ટેશનોને મેટ્રો રેલ સુવિધા મળશે.